NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી

## નવસારી કૃષિ યુનિવર્સિટી

એરૂ ચાર રસ્તા, નવસારી

ડો.એ.એન.સાબલપરા
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

ફોન ૦૨૬૩૭ – ૨૮૩૧૬૦,
૦૨૬૩૭ – ૨૮૩૪૫૨
૨૮૨૭૭૧ થી ૭૫ એક્સ.૧૩૨
ફેક્સ ૦૨૬૩૭ – ૨૮૩૪૫૨

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો./ખર્ચ/૧૧૫૫૯/ ૨૦૧૨ તા. : ૦૪/૧૦/૨૦૧૨

વંચાણે લીધેલ પત્રો :

૧ સેકશન અધિકારીશ્રી, કૃષિ અને સહકાર વિભાગ ઠરાવ ક્રમાંક :નકવ–૧૨૨૦૦૮–૪૭૯–ક.૨ , તા. ૧૧/૬/૨૦૦૮

૨ ડેપ્યુટી સેક્રેટરી (શિક્ષણ) આઈસીએઆર, ન્યુ દિલ્હીના ઓફિસ મેમોરેન્ડમ નં. F No. 15(1)- 2010-A & P (Edu). Date : 26/10/2010

૩ માન. કુલપતિશ્રીની તા. ૨૧/૬/૨૦૧૧ નોંધ પર મંજુરી અન્વયે..

## – :: પરિપત્ર :: –

આથી નવસારી કેમ્પસ તેમજ બહારનાં સંશોધન કેન્દ્રનાં યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, પ્લાન યોજના હેઠળ શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ સદરે યોજનાકીય કાર્યભાર અન્વયે રાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકથી મહેકમ સાથે RA/SRF/JRF આઈસીએઆર પ્રમાણે માસિક ફિકસ પગારથી ભરતી કરવા મંજુરી આપવામાં આવેલ છે તે પ્રમાણે જે તે યોજનામાં સરકારશ્રીની સુચના અન્વયે નીચે મુજબની શરતો આધીન ભરતી નિમણુંક કરવાની રહેશે.

૧. યોજનામાં સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંકથી મંજુર થયેલ RA/SRF/JRF ની પ્રવર્તમાન ભરતી નિયમો,નીતિ નિયમોની જોગવાઈ અને નિયત પધ્ધતિને અનુસરીને નિમણુંક કરવાની રહે છે.

૨. RA/SRF/JRF ને આઈસીએઆરનાં ધારાધોરણ પ્રમાણે આપવામાં આવતા માસિક ફીકસ પગારનાં દરોમાં જે રીવાઈઝ ફિકસ પગાર કરવામાં આવેલ છે તે પ્રમાણે RA/SRF ને તા. ૧/૪/૨૦૧૦ની અસરથી આપવાનો રહેશે (ડેપ્યુટી સેક્રેટરી, આઈસીએઆર ન્યુ દિલ્હી, તા. ૨૬/૧૦/૨૦૧૦નાં ઓફિસ મેમોરેન્ડમ)

૩. જે તે યોજનામાં સરકારશ્રીએ મંજુર કરેલ નિયત RA/SRF/JRF ની નિમણુંક કરવા દર વર્ષે સરકારશ્રીમાંથી RA/SRF/JRF ને યોજનાની કામગીરી માટે ચાલુ રાખવાની મંજુરી મળ્યા પછી સંશોધન નિયામકશ્રી અને માન.કુલપતિશ્રીની પૂર્વ અનુમતિ માટે આયોજન શાખાને દરખાસ્ત મોકલવી મંજુરી મેળવ્યા પછી જ નિયત લાયકાત, જાહેરાત અને ભરતીની પ્રક્રિયા હાથ ધરી નિમણુંકનાં ઓર્ડર કુલસચિવશ્રીની કચેરી તરફથી કરવાનાં રહેશે.

૪. યોજનામાં મંજુર થયેલRA/SRF/JRF સંખ્યા કે નિયત જગ્યામાં ભરતી સમયે કોઈપણ ફેરફાર કરવા નહિં.

૫. સરકારશ્રીમાં યોજના હેઠળની માસિક ફિકસ પગારની મંજુર થયેલ જગ્યાઓ ચાલુ રાખવા દર વર્ષે પહેલી એપ્રિલથી તે પછીનાં વર્ષનાં ફ્રુબુઆરીનાં અંતિત સુધીની જ આપવામાં આવે છે. એટલે દર વર્ષે સરકારશ્રીની મંજુરી મળ્યા પછી માસિક ફિકસ પગારની જગ્યા ચાલુ રાખવા ભરતીની કાર્યવાહી હાથ ધરવી.

૬. યોજનાકીય નિયત કાર્યભારને ચુસ્તપણે અમલ ધ્યાને લઈ જરૂર પડે તેમ હોય તો જ RA/SRF/JRF ની ભરતીની પ્રક્રિયા હાથ ધરવી.

૭. જે તે યોજનામાં જોગવાઈ કરવામાં આવેલ હોય તે જ યોજનાની કામગીરી માટે નિમણુંક આપવી.

૮. જે તે યોજનામાં મંજુર થયેલ RA/SRF/JRF વિગતનું પત્રક નીચે મુજબ છે.

**પ્લાન યોજના સદરે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણની યોજના હેઠળ સરકારશ્રીએ મંજુર કરેલ RA/SRF/JRF ની વિગત ::**

| અ.નં | પ્લાન યોજના | યોજનાનું નામ/ બજેટ હેડ | | RA | SRF | JRF | મંજુરી આપેલ સરકારશ્રીનાં ઠરાવ ક્રમાંક |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષણ | | પી.જી. પ્રોગ્રામ ઓન ICT ઈન એગ્રીકલ્ચર બ.હે. ૧૨૯૮૮ | ૦ | ૧ | ૦ | નકવ–૧૨૨૦૦૮–૪૭૭–ક.૨ તા. ૨/૬/૨૦૦૮ રૂા. ૮૦૦૦/– ફિકસ પગાર |
| ૨. | સંશોધન | ૧. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ફ્રુટ એન્ડ વેજીટેબલ રીસર્ચ સેન્ટર બ.હે. ૧૨૯૪૦ | ૦ | ૦ | ૧ | નકવ–૧૨૨૦૦૮–૪૭૯–ક.૨ તા. ૧૧/૬/૨૦૦૮ Fixed pay as per ICAR |
| | | ૨. | જીનેટીક એનહેન્સમેન્ટ ઓફ નીચ ક્રોપ ઓફ સાઉથ ગુજરાત થ્રુ કન્વેશનલ એન્ડ બાયોટેકનોલોજી એપ્રોચ બ.હે. ૧૨૯૪૬ | ૨ | ૦ | ૨ | |
| | | ૩. | સ્ટ્રેન્ધનીંગ ઓફ રીસર્ચ ઈન બાયોલોજીકલ કંટ્રોલ ઓફ ક્રોપ પેસ્ટ બ.હે. ૧૨૯૪૭ | ૧ | ૧ | ૧ | |
| | | ૪. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ ફુડ કવોલીટી ટેસ્ટીંગ રીસર્ચ યુનિટ બ.હે. ૧૨૯૪૮ | ૨ | ૨ | ૨ | |
| | | ૫. | મેકસીમાઈઝેશન ઓફ ટોટલ ફેકટર પ્રોડકટીવીટી ઓફ બનાના પ્રોડકશન સીસ્ટમ થ્રુ વેલ્યુ એડીશન એન્ડ બાય પ્રોડકટ યુટીલાઈઝેશન બ.હે. ૧૨૯૪૯ | ૨ | ૨ | ૦ | |
| | | ૬. | એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ફોર એન્વાયરોમેન્ટ સ્ટડીઝ બ.હે. ૧૨૯૫૦ | ૨ | ૨ | ૨ | |
| | | ૭. | પ્રોજેકટ ફોર એસ્ટાબ્લીશમેન્ટ ઓફ સેન્ટર ફોર રીસર્ચ ઈન એગ્રીકલ્ચર માર્કેટીંગ બ.હે. ૧૨૯૫૧ | ૧ | ૧ | ૦ | એક કોમ્પ્યુટર પ્રોગ્રામર Fixed pay per ICAR |
| ૩. | સંશોધન TASP | ૧. | ક્ષેત્રિય પશુરોગ નિદાન અને સંશોધન પ્રયોગશાળાનું સ્થાપના બ.હે. ૧૨૦૪૯ | ૦ | ૧ | ૦ | નકવ–૧૨૨૦૧૧–૩૨૪૪–ક.૨ તા. ૧૮/૫/૨૦૧૨ |
| | | | **કુલ...** | **૧૦** | **૧૦** | **૮+૧** | **કો.પ્રો.** |

સહિ/-

**સંશોધન નિયામક અને**
**અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ**

સંશોધન નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**::અગત્યનું ::**

# – :: પરિપત્ર :: –

આથી યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ચાલુ નાણાંકીય વર્ષ : (૨૦૧૨–૧૩)માં પ્લાન યોજના સદરે શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ શિક્ષણ હેઠળ મંજુર થયેલ યોજનામાં જુન' ૨૦૧૨ અંતિત માત્ર ફાળવવામાં આવેલ ગ્રાન્ટ સામે ૩૫.૯૯ % ખર્ચ થયેલ છે. જે યોજનાકીય આયોજન કરતાં ઘણો ઓછો થયેલ છે. તેમ સરકારશ્રીમાં નોંધ લેવાયેલ છે. તેમજ સુચના અન્વયે હવે પછી સપ્ટેમ્બર'૧૨ અંતિત ૫૦ % ખર્ચ થવો જરૂરી છે. અને તે પછીનાં ડિસેમ્બર'૧૨ અંતિત ૭૦ % ખર્ચ થાય તે પ્રમાણેનું યોજનાનાં હેતુ ધ્યાનમાં રાખી આયોજન કરી ખર્ચની કાર્યવાહી હાથ ધરી અત્રે કચેરીને જાણ કરવા વિનંતી છે.

સહિ/-
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/પ્લાયો./ખર્ચ/૧૧૫૬૦–૯૫/૨૦૧૨
તા. : ૦૫/૧૦/૨૦૧૨

**નકલ સવિનય રવાના : પ્રતિ,**

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારું.
૨. કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂં.